## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે દેશમાં ક્રિટિકલ મિનરલને ગૌણ સ્ત્રોતોમાંથી અલગ કરવા અને ઉત્પાદન કરવા માટે રિસાયક્લિંગ ક્ષમતા વિકસાવવા માટે રૂ. ૧,૫૦૦ કરોડની પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી. આ યોજના નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન (NCMM) નો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય ક્રિટિકલ મિનરલની સ્થાનિક ક્ષમતા અને સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરવાનો છે. સંશોધન, હરાજી અને ખાણ સંચાલન અને વિદેશી સંપત્તિના સંપાદન સહિતની ક્રિટિકલ મિનરલ વેલ્યુ ચેઈન ભારતીય ઉદ્યોગને ક્રિટિકલ મિનરલ સપ્લાય કરી શકે તે પહેલાં પરિપક્વતાનો સમય ગાળો ધરાવે છે. નજીકના ગાળામાં સપ્લાય ચેઈન ટકાઉપણું સુનિશ્ચિત કરવાનો એક સમજદાર રસ્તો ગૌણ સ્ત્રોતોના રિસાયક્લિંગ દ્વારા છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી નાણાકીય વર્ષ ૨૦૩૦-૩૧ સુધી છ વર્ષનો કાર્યકાળ ધરાવશે. પાત્ર ફીડસ્ટોકમાં R-કચરો, લિથિયમ આયન બેટરી (LIB) સ્ક્રેપ અને R-કચરો અને LIB સ્ક્રેપ સિવાયનો સ્ક્રેપ જેમ કે અંતિમ જીવનકાળના વાહનોમાંઉત્પ્રેરક કન્વર્ટરનોસમાવેશ થાય છે. અપેક્ષિત લાભાર્થીઓ મોટા, સ્થાપિત રિસાયકલર્સ, તેમજ નાના, નવા રિસાયકલર્સ (સ્ટાર્ટ-અપ્સ સહિત) બંને હશે, જેમના માટે યોજનાના ખર્ચનો એક તૃતીયાંશ ભાગ નક્કી કરવામાં આવ્યો છે. આ યોજના નવા એકમોમાં રોકાણ તેમજ ક્ષમતા / આધુનિકીકરણ અને હાલના એકમોના વૈવિધ્યકરણ માટે લાગુ પડશે. આ યોજના બ્લેક માસ ઉત્પાદનમાં સામેલ મૂલ્ય શૃંખલા માટે નહીં પણ રિસાયક્લિંગ મૂલ્ય શૃંખલા માટે પ્રોત્સાહન પ્રદાન કરશે, જે જટિલ ખનિજોના વાસ્તવિક નિષ્કર્ષણમાં સામેલ છે. આ યોજના હેઠળના પ્રોત્સાહનોમાં પ્લાન્ટ અને મશીનરી, સાધનો અને સંલગ્ન ઉપયોગિતાઓ પર ૨૦% કેપેક્સ સબસિડીનો સમાવેશ થશે જે નિર્ધારિત સમયમર્યાદામાં ઉત્પાદન શરૂ કરવા માટે આપવામાં આવશે, જે પછી ઘટાડેલી સબસિડી લાગુ પડશે; અને ઓપેક્સ સબસિડી, જે આધાર વર્ષ (નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬) દરમિયાન વધારાના વેચાણ પર પ્રોત્સાહન હશે, એટલે કે બીજા વર્ષમાં પાત્ર ઓપેક્સ સબસિડીના ૪૦% અને બાકીના ૬૦% નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી નાણાકીય વર્ષ ૨૦૩૦-૩૧ સુધીના પાંચમા વર્ષમાં નિર્ધારિત થ્રેશોલ્ડ વૃદ્ધિગત વેચાણ પ્રાપ્ત કરવા પર સામેલ હશે.

# દેશમાં ક્રિટિકલ મિનરલ રિસાયકલિંગને પ્રોત્સાહન આપવા માટે મંત્રીમંડળે રૂ. ૧,૫૦૦ કરોડની પ્રોત્સાહક યોજનાને મંજૂરી આપી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષાતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે દેશમાં ક્રિટિકલ મિનરલને ગૌણ સ્ત્રોતોમાંથી અલગ કરવા અને ઉત્પાદન કરવા માટે રિસાયક્લિંગ ક્ષમતા વિકસાવવા માટે રૂ. ૧,૫૦૦ કરોડની પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી. આ યોજના નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન (NCMM)નો એક ભાગછે, જેનોઉદ્દેશ્ય ક્રિટિકલ મિનરલની સ્થાનિક ક્ષમતા અને સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરવાનો છે. સંશોધન, હરાજી અને ખાણ સંચાલન અને વિદેશી સંપત્તિના સંપાદન સહિતની ક્રિટિકલ મિનરલ વેલ્યુ ચેઈન ભારતીય ઉદ્યોગને ક્રિટિકલ મિનરલ સપ્લાય કરી શકે તે પહેલાં પરિપક્વતાનો સમયગાળો ધરાવે છે. નજીકના ગાળામાં સપ્લાય ચેઈન ટકાઉપણુંસુનિશ્ચિત કરવાનો એકસમજદાર રસ્તોગૌણ સ્ત્રોતોના રિસાયક્લિંગદ્વારા છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી નાણાકીય વર્ષ ૨૦૩૦-૩૧ સુધી છ વર્ષનો કાર્યકાળ ધરાવશે. પાત્ર ફીડસ્ટોકમાં ઈ-કચરો, લિથિયમ આયન બેટરી (LIB) સ્ક્રેપઅને ઈ-કચરો અને LIB સ્ક્રેપ સિવાયનો સ્ક્રેપ જેમ કે અંતિમ જીવનકાળના વાહનોમાં ઉત્પ્રેરક કન્વર્ટરનો સમાવેશ થાય છે. અપેક્ષિત લાભાર્થીઓ મોટા, સ્થાપિત રિસાયકલર્સ, તેમજ નાના, નવા રિસાયકલર્સ (સ્ટાર્ટ-અપ્સ સહિત) બંને હશે, જેમના માટે યોજનાના ખર્ચનો એક તૃતીયાંશ ભાગ નક્કી કરવામાં આવ્યો છે. આયોજના નવાએકમોમાં રોકાણ તેમજ ક્ષમતા /આધુનિકીકરણ અને હાલના એકમોના વૈવિધ્યકરણ માટે લાગુ પડશે. આયોજનાબ્લેક માસ ઉત્પાદનમાં સામેલ મૂલ્ય શૃંખલા માટે નહીં પણ રિસાયક્લિંગ મૂલ્ય શૃંખલા માટે પ્રોત્સાહન પ્રદાન કરશે, જે જટિલ ખનિજોના વાસ્તવિક નિષ્કર્ષણમાં સામેલ છે. આ યોજનાહેઠળના પ્રોત્સાહનોમાં પ્લાન્ટઅને મશીનરી, સાધનો અને સંલગ્ન ઉપયોગિતાઓ પર ૨૦% કેપેક્સ સબસિડીનો સમાવેશ થશે જે નિર્ધારિત સમયમર્યાદામાં ઉત્પાદનશરૂ કરવામાટે આપવામાં આવશે, જે પછીઘટાડેલી સબસિડી લાગુ પડશે; અને ઓપેકસ સબસિડી, જે આધાર વર્ષ (નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬) દરમિયાન વધારાના વેચાણ પર પ્રોત્સાહન હશે, એટલે કે બીજા વર્ષમાં પાત્ર ઓપેક્સ સબસિડીના ૪૦% અને બાકીના ૬૦% નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭થી નાણાકીય વર્ષ ૨૦૩૦-૩૧ સુધીના પાંચમા વર્ષમાં નિર્ધારિત થ્રેશોલ્ડ વૃદ્ધિગત વેચાણ પ્રાપ્ત કરવા પર સામેલ હશે. લાભાર્થીઓની સંખ્યાવધારવા માટે, પ્રતિ એન્ટિટી કુલ પ્રોત્સાહન (કેપેક્સ વત્તા ઓપેક્સ સબસિડી) મોટી કંપનીઓ માટે રૂ. ૫૦ કરોડ અને નાની કંપનીઓ માટે રૂ. ૨૫ કરોડની એકંદર ટોચમર્યાદાને આધીન રહેશે, જેમાં ઓપેક્સ સબસિડી માટે અનુક્રમે રૂ. ૧૦ કરોડ અને રૂ. ૫ કરોડની ટોચમર્યાદા રહેશે. મુખ્ય પરિણામોની દ્રષ્ટિએ, યોજનાના પ્રોત્સાહનો ઓછામાં ઓછી ૨૭૦ કિલો ટન વાર્ષિક રિસાયક્લિંગક્ષમતા વિકસાવવાની અપેક્ષા રાખે છે જેના પરિણામે લગભગ ૪૦ કિલો ટન વાર્ષિક મહત્વપૂર્ણ ખનિજ ઉત્પાદન થશે, જેનાથી લગભગ રૂ. ૮,૦૦૦ કરોડનું રોકાણ થશે અને લગભગ ૭૦,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન થશે. યોજના ઘડતા પહેલા ઉદ્યોગ અને અન્ય હિસ્સેદારો સાથે સમર્પિત બેઠકો, સેમિનાર સત્રો વગેરે દ્વારા અનેક પરામર્શ રાઉન્ડ યોજવામાં આવ્યા છે.

**ક્રિટિકલ મિનરલના નિષ્કર્ષણ માટે બેટરી વેસ્ટ અને ઈ-વેસ્ટને રિસાયકલ કરવાની ક્ષમતા વિકસાવવા માટે યોજનાકીય પ્રોત્સાહનો**

## વલસાડ કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓ આંતર કોલેજસ્પર્ધામાં ઝળકી



કમલમ્,

વલસાડની શ્રીમતીજે. પી. શ્રોફ આર્ટસ કોલેજમાંવર્ષાગીત ઉત્સવ અંતર્ગતઆંતર કોલેજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાંઆવ્યું હતું. જેમાં વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજમાંથી સૃષ્ટિ જે. ઠાકોર (એસ.વાય.બી.કોમ), રીકલ બી. ચૌરા (ટી.વાય.બી.કોમ.), સેજલ જી. યાદવ (એફ.વાય.બી.કોમ.), ક્રિશા જે. પટેલ (એફ.વાય. બી.કોમ.), અંજલી બી. રાઠોડ (એસ.વાય.બી.કોમ.) અનેનિકિતાએન. રાઠોડ (એસ.વાય.બી.કોમ) આમ, છ સ્પર્ધકોની ટીમે ભાગલીધો હતો અને ત્રીજા સ્થાને વિજેતા બન્યા હતા. આ ટીમના માર્ગદર્શક તરીકે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડો.દક્ષાબેન જી.ઠાકોરે અગત્યની ભૂમિકા ભજવી હતી. આ તમામ વિદ્યાર્થીઓને કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા.વિજયકુમાર આર. ચાંપાનેરી તથા સાંસ્કૃતિક સમિતિના સહ અધ્યક્ષ ડો. મીનાક્ષીજરીવાલા, સભ્ય પ્રા. કિંજલ પટેલ અને પ્રા. પ્રિયા ગાંધી તથા તમામ ટીચિંગ તથા વહીવટી સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પંચદેવ મંદિર યુવક મંડળ દ્વારા અંબાજી પગપાળા યાત્રિકો માટે સેવા યજ્ઞ

## કડી સર્વ વિશ્વવિદ્યાલય ના NSS સ્વયંસેવકો સેવાયજ્ઞા માં ઉત્સાહભેર જોડાયા



કમલમ્,

શ્રી પંચદેવ યુવક મંડળ ગાંધીનગર દ્વારા આયોજિત અંબાજી પગપાળા યાત્રિકો માટે ગાંધીનગર ના મુખ્ય પ્રવેશ દ્વાર ચ.૦ સર્કલ ખાતે છેલ્લા ૩૫ વર્ષથી અવિરત સેવા કેન્દ્ર કરવામાં આવે છે. આ વર્ષેપણ શ્રી પંચદેવ મંદિર યુવક મંડળ દ્વારા આયોજિત અંબાજી પગપાળા યાત્રા દરમિયાન, ગાંધીનગર ચ૦ સર્કલ ખાતે એક સપ્તાહ સુધી યાત્રિકોની ભાવપૂર્ણ સેવા કરવામાંઆવીહતી. સેવા કેન્દ્રમાં સ્વયંસેવકો દ્વારા યાત્રિકોને ચા કોફી, પાણી, ગરમ નાસ્તો, આરામની સુવિધાઓ, તબીબી સહાય(મેડીકલ) અને માર્ગદર્શન જેવી વિવિધ સેવાઓ ૨૪ કલાક પૂરી પાડવામાં આવી હતી.સેવાકેન્દ્ર પર અંદાજે ૫૦૦૦ જેટલા ભાવિકયાત્રાળુઓ એ સેવા નો લાભમેળવ્યો હતો આસેવા કેન્દ્ર ખાતેકડી સર્વવિશ્વવિદ્યાલય NSS ના સ્વયંસેવકોયાત્રિકોની ભાવપૂર્ણ સેવા કરવા આ સેવા કેન્દ્ર ખાતે સેવા આપવા સતત સેવા કેન્દ્રના પુર્ણાહુર્તિ સુધી જોડાયા હતા અને NSS સ્વયંસેવકોદ્વારા યાત્રિકોની નિષ્ઠાપૂર્વક અને ભાવપૂર્વક સેવા આપવામાં આવી. આ NSS સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવા ભાવનાએ યાત્રિકોમાંખાસ આનંદ અને સંતોષનો અનુભવ કરાવ્યો. જેમાં સ્વયંસેવકોમાં સામાજિક જવાબદારી, સેવાની સદભાવના અને સહકારનામૂલ્યોને પ્રોત્સાહન મળ્યું છે અને યાત્રિકોને સુવિધાસભર સેવા પ્રાપ્ત થઈ રહી છે. શ્રી પંચદેવ યુવક મંડળ ગાંધીનગર દ્વારા આયોજીત સેવા કેન્દ્ર ખાતે સેવાઓ આપનાર કડી યુનીવર્સીટી દ્વારા NSS સેલ પ્રોગ્રામ કોઓર્ડીનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા આ સ્વયંસેવકો સાથે સંકલન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વયંસેવક હિત કોયાણી, લાવા દીપ દ્વારા મહતમ દિવસોમાં સેવા આપવામાં આવી હતી જયારે પ્રજાપતિ જેન્યુલ, પ્રજાપતિવ્રજ, ધ્રુવ પટેલ, કૃતાર્થ ગોંડલિયા, દીપ પટેલ, ક્રિપાલસિંહ પરમાર, વંશ નાકરાણી, પ્રતિક ભગત, ભાર્ગવ ધોલુ વિગેરે દ્વારા સેવાઓ કરવામાં આવી હતી. શ્રી પંચદેવ યુવક મંડળ ગાંધીનગરના અધ્યક્ષ અતુલ નાયક, કોષાધ્યક્ષ રજનીકાંત શર્મા તેમજ જયેશ ગોસ્વામી અને રીતેશ નાયક અને તમામ સ્વયંસેવકો અને તેમની સમગ્ર ટીમ દ્વારા સતત સેવાકાર્યો કરતા રહે છે.

## વડવાળા દેવ સરસ્વતી વિદ્યાલય ખાતે ૭૬માં વન મહોત્સવની મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી યોજાઈ

**સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરાના અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિ**

કમલમ્,સુરેન્દ્રનગર

સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરા નાઅધ્યક્ષસ્થાને અનેનાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં વડવાળા દેવ સરસ્વતી વિદ્યાલય ખાતે ૭૬માં વન મહોત્સવની મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી યોજાઈ હતી. આ પ્રસંગે સંબોધન કરતાં સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરાએ જણાવ્યું હતું કે, વન મહોત્સવની શરૂઆત મહાન વિચારક અને સાહિત્યકાર કનૈયાલાલ મુનશી દ્વારા કરવામાં આવી હતી, જે આજેપણ પર્યાવરણ સંરક્ષણનાપ્રતીક તરીકે ઉજવાય છે. આ મહોત્સવનાઅનુસંધાને આજે સુરેન્દ્રનગર જિલ્લામાં મહાનગરપાલિકા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ યોજાયો છે. વૃક્ષો આપણને ઓક્સિજન આપેછે અને જીવનનોઆધારસ્તંભ પણછે. પરંતુ આજે આપણે વૃક્ષોના અવિવેકી નાશને કારણે આફતોનુંનિર્માણ કરી રહ્યા છીએ. જો વૃક્ષોનહીં સચવાય તોઆપણું અસ્તિત્વ પણ જોખમમાં મુકાઈ જશે એમ કહેતાં વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, જિલ્લાને હરિયાળો બનાવવા માટે વૃક્ષ વાવેતર અત્યંત જરૂરી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં મોટા પ્રમાણમાં વૃક્ષો વાવવા અને તેમનું



જતન કરવું એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. વન વિભાગને સહયોગ આપીને દરેક વ્યક્તિએ આઅભિયાનમાં સક્રિય પણે ભાગ લેવોજોઈએ. આ ઉપરાંત, કેન્સર જેવી ગંભીર બીમારીઓને નાથવા માટે આજના સમયમાં દરેક ખેડૂત મિત્રોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી જોઈએ. "એક પેડ માં કે નામ" અભિયાનમાં સહભાગી થઈને દરેક વ્યક્તિએ ઓછામાંઓછુંએક વૃક્ષ વાવીને તેનું જતનકરવાનો સંકલ્પલેવો જોઈએ. આમાત્ર એક કાર્યક્રમ તરીકે ન રહે, પરંતુએક વ્યાપક ઝુંબેશના સ્વરૂપે વિસ્તરે અને સમગ્ર જિલ્લામાં વૃક્ષ વાવેતરનુંમોટું આંદોલન બને. વન વિભાગ, સ્થાનિક સંસ્થાઓ અને નાગરિકોના સંયુક્ત પ્રયાસો થકી આપણે જિલ્લાને હરિયાળો બનાવી ગ્રીનકવરમાં વધારો કરવા જણાવ્યું હતું. દરેકઘરમાંએક વૃક્ષ વાવવાનો સંકલ્પ લઈ, "છોડમાં રણછોડ, જીવમાં શિવ, વૃક્ષમાં દેવતાના દર્શન"ની ભાવના સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશો આપતાં નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યુંહતું કે, લોકો વનોનું સાંસ્કૃતિક અને પારંપરિક મહત્વ સમજે તેમજ વૃક્ષ વાવેતર અને તેના જતન માટે વર્ષ ૨૦૦૪થી હાલના વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીદ્વારા ઐતિહાસિક તથા ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળોએ સાંસ્કૃતિક વન સ્થાપવાની પરંપરા શરૂ કરીહતી. આપરંપરાને આજે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગળ વધારતા આ વર્ષે ૨૪માં સાંસ્કૃતિક વનનું ખેડા જિલ્લાના ગળતેશ્વર ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં ભક્તિવન (ચોટીલા) અને વટેશ્વર વન (સુરેન્દ્રનગર) જેવા સાંસ્કૃતિક વનોનું નિર્માણ થયું છે. આ તમામ સાંસ્કૃતિક વનો સંસ્કૃતિઅને ધર્મને વૃક્ષો સાથેજોડવાનું અનોખું કાર્ય કરે છે. આજે ગ્લોબલ વોર્મિંગ, અનિયમિત વરસાદ, અતિશય ગરમી, પાણીની અછત, ભૂગર્ભ જળનું ઘટતુંસ્તર અને પ્રદૂષણ જેવા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પડકારોનું મુખ્ય કારણ વૃક્ષોની અવગણના છે એમ કહેતાં વધુમાં તેમણે ઉમેર્યુ હતુંકે, વૃક્ષો જમીનનું ધોવાણ અટકાવે છે, ઔષધિઓ પૂરી પાડે છે અને પર્યાવરણને સંતુલિત રાખેછે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પીપળાના વૃક્ષનું વાવેતર કરી એક પેડ માં કે નામ અભિયાનની શરૂઆત કરાવી હતી. રાજ્યમાં ૬૧૫ જેટલા રસ્તાઓ પર ૭ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. આ વર્ષે સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૪લાખ ૯ હજાર વૃક્ષોના રોપાઓનો વિવિધ નર્સરીઓમાંઉછેર કરવામાં આવ્યો છે, જે જિલ્લાના ગ્રીન કવર માં નોંધપાત્ર વધારો કરશે. વધુમાં તેમણે જણાવ્યુંહતું કે, આપણી સંસ્કૃતિમાં વૃક્ષોનું અનન્ય સ્થાન છે. વૃક્ષો આપણા જીવનનો અભિન્ન ભાગ બનવા જોઈએ. આ વન મહોત્સવ દ્વારા પર્યાવરણ પ્રત્યેની જાગૃતિઅને વૃક્ષોના મહત્વને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ અભિયાનને સફળ બનાવવા માટે સૌનોસહયોગ અપેક્ષિતછે. આવો, પ્રકૃતિની રક્ષા માટે એક વૃક્ષ વાવીએ અને લીલુંછમ ભવિષ્ય ઘડવા સૌને તાકીદ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ અને વૃક્ષ વાવવાનો સંકલ્પ કર્યો હતો. આ કાર્યક્રમમાં વડવાળા મંદિરમહંતશ્રી શિવરામદાસ બાપુ અગ્રણી સર્વેશ્રી જયેશભાઈ પટેલ, ધીરુભાઈ સિંધવ, દેવાંગ રાવલ, જીજ્ઞાબેન પંડ્યા, મ્યુનિસિપલ કમિશનર શ્રી નવનાથ ગ્વહાણે, નાયબ વન સંરક્ષકશ્રી સકિરાબેગમ, નાયબ વન સંરક્ષક શ્રી વિભા ગોસ્વામી સહીતના વનવિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાંહતાં.

## મોરબીમાં નાની વાવડી ખાતે જિલ્લા કક્ષાના ૭૬ માં વન મહોત્સવની ઉજવણી કરાઈ

**માનવીની સાથે પશુ પંખી અને સમગ્ર જીવ સૃષ્ટિ માટે વૃક્ષ અગત્યના છે - જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘી**



કમલમ્,મોરબી

મોરબીમાં નાની વાવડી પટેલ સમાજ વાડી ખાતે મોરબી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના ૭૬ માં વન મહોત્સવની ઉજવણી કરવામાંઆવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘીએ માનવીની સાથે પશુ, પંખી અને સમગ્ર જીવ સૃષ્ટિ માટે વૃક્ષ અગત્યના છે તેવું જણાવી વૃક્ષોના મહત્વ અંગે તેમણે વિગતે વાત કરી હતી. પર્યાવરણની જાળવણી માટે તેમણે સૌને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાઅનુરોધ કર્યોહતો. વધુમાંપર્યાવરણ સંરક્ષણ માટે આપણી ભૂમિકાવિશે પણ તેમણે વાતકરી હતી. પ્રાસંગિક ઉદબોધનમાં સાંસદશ્રી કેસરીદેવસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, વનરાજી અનેઆ પર્યાવરણ એ આપણીપ્રાકૃતિક ધરોહર છે, તેનીમાવજત કરવી એ આપણી સૌની સાહિયારી જવાબદારી છે. જૈવ વિવિધતાને વરેલા આપણા દેશમાં વૃક્ષારોપણનું સવિશેષ મહત્વ છે ત્યારે સૌને એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત એક વૃક્ષ વાવવા જણાવ્યું હતું. ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયાએજણાવ્યું હતું કે, વન વિભાગ દ્વારા પર્યાવરણ અને વૃક્ષના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવનારી પેઢી અને ભવિષ્ય માટે વૃક્ષો ખૂબ જ મહત્વનાછે ત્યારે આપણા ઘર, શેરી, મહોલ્લામાં જ્યાંપણ ખુલ્લી અને ખાલીજગ્યા મળે ત્યાં એક વૃક્ષ અવશ્ય વાવવા અને તેનું જતન કરવા તેમણે જણાવ્યું હતું. પૂર્વ મંત્રીશ્રીબ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં આપણે વૃક્ષોનું પૂજન કરીએ છીએ, વૃક્ષો આપણને પરોપકારની ભાવના શીખવે છે, ત્યારે આજની પરિસ્થિતિમાં વધુ ને વધુવૃક્ષોનો ઉછેર કરવામાંઆવેતે જરૂરીછે. ટકાઉ વિકાસ અનેસુદ્રઢ જીવનશૈલીમાટે વૃક્ષખૂબ મહત્વના છે તેવુંતેમણે જણાવ્યુંહતું. વન મહોત્સવની ઉજવણી અંતર્ગતસર્વે મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યુ હતું તથા લીલી ઝંડી બતાવી વૃક્ષ રથને પ્રસ્થાન કરાવ્યું હતું. વન સંરક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરેલ વન કર્મીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આપ્રસંગે જિલ્લા કલેકટરશ્રી કે.બી ઝવેરી, સામાજિક વનીકરણ રાજકોટ વર્તુળના વન સંરક્ષકશ્રી સેંથિલ કુમારન, મોરબી જિલ્લા વન સંરક્ષકશ્રી ડો.સુનિલ બેરવાલ, મોરબી જિલ્લા પંચાયતના સભ્ય શ્રી જયંતીભાઈ પડસુંબીયા, અગ્રણીશ્રીઓ, નાની વાવડીના ગ્રામજનો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભુજમાં કચ્છ યુનિવર્સિટી ખાતે ૭૬માં જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાઈ

**પર્યાવરણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામ કરનારા સરપંચશ્રીઓ તથા પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરાયું : વૃક્ષરથને લીલીઝંડી અપાઇ**



કમલમ્,ભુજ

કચ્છમાં ૭૬માં વન મહોત્સવની જિલ્લાકક્ષાની ઉજવણી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેનશ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જર, મોરબી કચ્છના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજાની ગરીમામય ઉપસ્થિતિમાં આજરોજ ક્રાંતિગુરુ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે કરવામાં આવી હતી. સામાજિક વનીકરણ વિભાગ કચ્છ દ્વારા આયોજિત ૭૬મોવન મહોત્સવની ઉજવણી કાર્યક્રમમાં રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેનશ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરએ જણાવ્યું હતુ કે, વન મહોત્સવ એ કોઈ ઉજવણી નથી પરંતુ ભાવિ પેઢીને સુરક્ષિત જીવનનો વિશ્વાસ આપવાનો પવિત્ર સંકલ્પ છે. પર્યાવરણના અભિન્ન અંગ એવા વૃક્ષો માત્ર છોડ નથી તે જીવનરેખા સમાન છે. વૃક્ષપ્રાણવાયુ, ફળફૂલ, છાંયડો આપે છે જેથી તેનું જતન કરવું આપણી નૈતિક ફરજ છે. તેઓએઉમેર્યુ હતુંકે, વડાપ્રધાનશ્રી અને ગુજરાત સરકારે દીર્ઘ દ્રષ્ટિથી ‘‘એક પેડમાં કેનામ’’ અભિયાન શરૂ કર્યુ છે ત્યારે દરેક નાગરિકે પવિત્રધરતીને અંજલિરૂપેએક વૃક્ષ વાવી તેનું જતન કરવાના સંકલ્પ સાથે તેમાં જોડાવું જોઈએ. વધુમાં તેમણે ઉમેર્યુંહતું કે, રાજ્યમાં કચ્છ જૈવવિવિધતાની દ્રષ્ટિએ સમૃદ્ધ જિલ્લો છે, રાજ્યમાં હાલસૌથી વધુ વનવિસ્તારમાં વધારો કચ્છ જિલ્લામાં નોંધાયો છે ત્યારે આ ચમત્કાર સરકાર તથા નાગરિકોનો સહયારો પ્રયાસ દર્શાવે છે. તેમણે જણાવ્યું હતું કે, બાળકોએ દેશનું ભાવિ છે ત્યારે આવનારી પેઢીને સુરક્ષિતઅને સ્વચ્છ જીવન, સ્વચ્છ વાતાવરણ આપવું આવશ્યક છે. ત્યારે તેમણે દરેક વ્યકિતને પર્યાવરણ સંવર્ધનમાં સહભાગી બનવા તથા ‘‘હરીયાળું કચ્છ તો હરીયાળું ગુજરાત’’ની નેમ સાથે વૃક્ષો વાવવાઅનુરોધ કર્યોહતો. આ પ્રસંગે કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈઉમેર્યું હતું કે, છેવાડાના ગામ સુધી પ્રાથમિક જરૂરિયાતો સાથે વૃક્ષો અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે વડાપ્રધાનશ્રીએ ‘‘ એક પેડ મા નામ’’ અભિયાન સાથેલોકોને એક તાંતણે બાંધ્યા છે. જેના પરિણામ સ્વરૂપ એક સમયે વારંવાર દુષ્કાળનો સામનો કરતા કચ્છમાં નોંધપાત્ર વરસાદ વરસી રહ્યો છે. તેમણે કોઈ એક વ્યક્તિ નહીં પરંતુ જિલ્લાના દરેક નાગરિકો, ખેડુતો, વનવિભાગ, સરકારશ્રીના વિવિધ યોજનાકીય પ્રયાસો, પાણી બચવાની પહેલ સહિતનાકાર્યો થકી આ બદલાવ શક્ય બન્યો હોવાનું જણાવીને તેમણે વૃક્ષોવાવવા, જતન કરવા અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, વડાપ્રધાનશ્રી અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાઆવેલા વન મહોત્સવ એ માત્ર કાર્યક્રમ નહીં પરંતુ ભાવિ પેઢીના સ્વસ્થ ભવિષ્ય તરફનું હકારાત્મક પગલુંછે. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી અનિરુધ્ધભાઈ દવેએ નાગરિકોને વૃક્ષો અને પ્રાણીઓ સાથે ભાવનાત્મક સંબંધ કેળવી તેમનું રક્ષણ કરી નૈતિક ફરજ બજાવવાસૂચન કર્યુંહતું. આ સાથે કચ્છનાસામાજિક વનીકરણ વિભાગ દ્વારા ૧૬૫.૫ હેકટર વિસ્તારમાં કુલ ૩ લાખથી વધુ રોપાનું વાવેતર કર્યુ છે તેમજ નવા આયોજન મુજબ ૨૨૦ગામ, ૧૦ તાલુકા અને ૧ મહાનગર પાલિકા માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે ત્યારે દરેક નાગરિકોએ તેમાંસહભાગીબનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતુંકે, કચ્છના સાનુકૂળ વાતાવરણને અનુરૂપ ખેર, બાવળ, ગૂગળ, ગુંદા, રાયણ, આંબો સહિતના વૃક્ષોવાવી તેનું જતન કરવા સુચન હતું. તેમણે ખેડૂતો, માલધારીઓ અને નાગરિકોને વન વિભાગ સાથે જોડાઈને પર્યાવરણ સંરક્ષણની દિશામાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરીએજણાવ્યું હતું કે, વન મહોત્સવએ પ્રકૃતિ સાથેનો સ્નેહ, જવાબદારીઅને આવનારી પેઢીને હરીયાળુંભવિષ્ય આપવાની ભેટ છે. ત્યારે કચ્છને વધુ લીલુંછમ બનાવવાદરેક નાગરિકે એક નહીં પણ પાંચ વૃક્ષો વાવવાનો અને ઉછેરવાનો સંકલ્પ કરી પ્રકૃતિના આશીર્વાદ મેળવવા અનુરોધ કર્યો હતો. આ મહોત્સવમાં વિવિધ શાળાની વિદ્યાર્થિનીઓ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તૃતિ કરવામાં આવી હતી. આપ્રસંગે પર્યાવરણક્ષેત્રે શ્રેષ્ઠ કામ કરનારા ગામના સરપંચશ્રી, આગેવાનો, સ્વયંસેવી સંસ્થાઓ તથા કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યુંહતું. આસાથે કચ્છ યુનિવર્સિટીના પ્રાંગણમાં મહાનુભવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ મહાનુભાવોના હસ્તે વૃક્ષરથને લીલીઝંડી આપવામાં આવી હતી. કચ્છ યુનિવર્સિટી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ભુજ નગરપાલિકા પ્રમુખ શ્રી રશ્મિબેન સોલંકી, કિસાન સંઘ પ્રમુખ શ્રી કમણભાઈ ગંગાણ, સામાજિક વનીકરણ વિભાગના નાયબવનસંરક્ષકશ્રી જે.આર.પટેલ, પશ્ચિમ વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી એચ.જે. ઠક્કર, બન્ની નાયબ વન સંરક્ષકશ્રી એન.વી.ચૌધરી, મદદનીશ વન સંરક્ષકશ્રી પી.એન.વાઘેલા, કચ્છ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. મોહન પટેલ, રજિસ્ટ્રાર શ્રી ડૉ. અનીલ ગોર તથા અન્ય અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ, સરપંચશ્રી, ખેડૂતો, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

